# સાબરકાંઠા-બનાસકાંઠામાં કોરોનાનો કહેર યથાવત

## હિંમતનગરમાં 3, ઇડર, પ્રાંતિજ અને વડાલીમાં ૧-૧ કેસ : પાલનપુરમાં ૭, ડીસા-વડગામમાં ૧-૧ કેસ નોંધાયા

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે મંગળવારે વધુ ૦૬ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા. પ્રાંતિજ શહેરની વ્હોરવાડમાં ૬૨ વર્ષીય મહિલા, ઈડર શહેરના મહાવીરનગર સોસાયટીમાં ૫૨ વર્ષીય પુરૂષ, વડાલી શહેરમાં ૬૦ વર્ષીય વૃધ્ધ તેમજ હિંમતનગર શહેરની અવની પાર્ક સોસાયટીમાં ૩૮ વર્ષીય યુવક, મોટી વ્હોરવાડમાં ૭૩ વર્ષીય વૃધ્ધ અને હિંમતનગર તાલુકાના પુરાલ ગામના ૩૫ વર્ષીય યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૧૯૯ પોઝીટીવ કેસ આવ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે લોકડાઉનમાં અપાયેલી છૂટછાટો બાદ કોરોનાના સંક્રમણ કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ દિનપ્રતિદિન કોરોના પોઝીટીવ કેસ કૂદકે ને ભૂસકે વધવા લાગ્યા છે. મંગળવારે હિંમતનગર શહેરની અવની પાર્ક સોસાયટીમાં ૩૮ વર્ષીય યુવક, મોટી વ્હોરવાડમાં ૭૩ વર્ષીય વૃધ્ધ, જયારે પુરાલ ગામમાં ૩૫ વર્ષીય યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઉપરાંત વડાલી શહેરમાં ૬૦ વર્ષીય યુવક, પ્રાંતિજ શહેરના વ્હોરવાડમાં ૬૨ વર્ષીય મહિલા અને ઈડરના મહાવીરનગર સોસાયટી વિસ્તારમાં ૫૨ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોરોનાના પોઝીટીવ રીપોર્ટ આવ્યા બાદ દર્દીઓના પરિવારજનોના સેમ્પલો તેમજ વિસ્તારને કોરોન્ટાઈન કરવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૧૯૯ પોઝીટીવ કેસ નોંધાયા હતા. જેમાંથી હાલમાં ૫૬ દર્દીઓને એકટીવ કેસ તરીકે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો કહેર જારી રહ્યો છે. જ્યાં વાવના કોંગી ધારા સભ્યનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. મંગળવારે જિલ્લામાં વધુ ૯ કેસ પોઝિટિવ નોંધાયા હતા. પાલનપુરમાં ૭ કેસ, ડીસામાં ૧ અને વડગામમાં ૧ કેસ પોઝિટિવ આવ્યો હતો. જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૨૫ પહોંચી ગઈ છે. મૃત્યુઆંક ૧૪ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે કોરોનાના વધુ નવ કેસ નોંધાયા હતા. જેમાં વાવના મહિલા ધારાસભ્યનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, ધારાસભ્યને બે દિવસથી તાવ આવતો હતો. જેમણે અમદાવાદ સિમ્સ હોસ્પિટલમાં તપાસ કરાવતા કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. જોકે, આ અંગે પૃચ્છા કરતાં ધારાસભ્યનો સંપર્ક થઈ શક્યો ન હતો. બીજી તરફ પાલનપુરમાં ૭ કેસ, ડીસામાં ૧ અને વડગામમાં ૧ કેસ પોઝિટિવ આવ્યો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, પાલનપુરના ભીમરાવનગર, અક્ષતમ ૨, ભકતોની લીમડી, હનુમાન ટેકરી, પાલનપુર તાલુકાનું કાણોદર, દેવપુરા, વડગામ તાલુકાનું નોદોત્રા સહિત ડીસામાં કોરોના પોઝિટિવ દર્દીઓ નોંધાયા છે. જેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઈન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે. તેને કન્ટેઈન્ટમેન્ટ એરિયા જાહેર કરી દેવામાં આવ્યા છે. દરમિયાન જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૩૨૫ પહોંચી ગઈ છે. જ્યારે ૧૪ દર્દીઓના મોત નિપજ્યા છે.



સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરમાં સોમવારે કોરોનાની મહામારી વચ્ચે તબીબોએ પોલીસકર્મીઓને ઈમ્યુનિટી પાવરની કીટ આપી હતી. સાંસદ દીપસિંહ રાઠોડના હસ્તે જિલ્લા પોલીસ વડા ચૈતન્ય મંડલિકને ઈમ્યુનિટી ટેબ્લેટની કીટ અર્પણ કરી હતી. પોલીસકર્મીઓને જિલ્લા પોલીસ વડા અને સાંસદે ઈમ્યુનિટી ટેબ્લેટ કીટ આપી હતી. તો તબીબો દ્વારા કોરોના સામે લડવાની ટેબ્લેટ કીટ વિવિધ જિલ્લામાં આપી રહ્યા છે. આમ જિલ્લામાં પોલીસ કર્મીઓ માટે ૧૫૦૦ થી વધુ ઈમ્યુનિટી ટેબ્લેટ પાવર કીટ આપી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં મોસમનો સરેરાશ ૧૪.૪૭ ટકા વરસાદ

સાબરકાંઠા જિલ્લામાં મંગળવારે આકાશ વાદળોથી ગોરંભાયેલુ રહ્યુ હોવા છતાં સામાન્ય વરસાદ વરસ્યો છે. જિલ્લામાં મંગળવારે સવારે ૬ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધીમાં ઈડરમાં ૦૭ મીમી, ખેડબ્રહ્મામાં ૨૦ મીમી, વિજયનગરમાં ૨૯ મીમી અને હિંમતનગર તાલુકામાં ૦૯ મીમી વરસાદ નોંધાયો હતો. મંગળવારે દિવસ દરમિયાન વાદળો અને અસહ્ય બાફ અને ઉકળાટ વચ્ચે વરસાદી ઝાપટા પડયા હતા. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ વરસાદ ૧૪.૪૭ ટકા થયો હોવાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. ચોમાસા દરમિયાન જિલ્લાના ઈડર પંથકમાં અત્યાર સુધીમાં ૧૩૦ મીમી, ખેડબ્રહ્મા તાલુકામાં ૧૨૫ મીમી, તલોદ પંથકમાં ૧૪૦ મીમી, જયારે સૌથી વધુ પ્રાંતિજ તાલુકામાં ૨૧૨ મીમી વરસાદ નોંધાયો છે. જોકે પોશીના વિસ્તારમાં માત્ર ૩૩ મીમી વરસાદ, જયારે વડાલીમાં ૮૭ મીમી, વિજયનગરમાં ૧૧૯ મીમી અને હિંમતનગર તાલુકામાં ૧૭૦ મીમી મોસમનો કુલ અત્યાર સુધીનો વરસાદ થયો છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો જિલ્લામાં સૌથી વધુ વરસાદ પ્રાંતિજ તાલુકામાં ૨૪.૭૮ ટકા, ઈડર તાલુકામાં ૧૨.૭૩ ટકા, ખેડબ્રહ્મામાં ૧૫.૦૪ ટકા, તલોદ પંથકમાં ૧૭.૩૭ ટકા, વડાલી તાલુકામાં ૧૦.૦૨ ટકા, વિજયનગર તાલુકામાં ૧૩.૪૮ ટકા, જયારે સૌથી ઓછો પોશીના તાલુકામાં ૦૪.૦૨ ટકા વરસાદ નોંધાયો છે.



અરવલ્લી જિલ્લામા કોરોના મહામારીને પગલે સરકાર દ્વારા વિદ્યાર્થીઓને શાળાઓમા વેકેશન આપી ઘેર બેઠા શિક્ષણ મેળવે તે હેતુસર હોમ લર્નિંગ કાર્યક્રમનુ આયોજન કર્યું છે. જેમા વિદ્યાર્થીઓ ટીવી કાર્યક્રમથી ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે તેમાં અરવલ્લી જિલ્લામાં પણ પ્રાથમિક શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓના ઘેર ઘેર મુલાકાત કરીને વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડી રહ્યા છે.





## બાયડમાં માસ્ક ન પહેરનારા પર સપાટો

સરકાર દ્વારા માસ્ક ફરજિયાત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ત્યારે કોરોનાનો ડર ન હોય તેમ ઘરેથી માસ્ક પહેર્યા વગર નીકળી જતા લોકો સામે તંત્રએ પણ લાલ આંખ કરી છે. આજરોજ સવારથી જ બાયડ મામલતદારની ટીમ તથા પોલીસ દ્વારા રોડ પર માસ્ક પહેર્યા વગર ફરતા લોકોને ૭૦૦૦ ઉપરાંતનો દંડ ફટકાર્યો હતો. બાયડ પી.એસ.આઈ દ્વારા પોલીસ કર્મચારીઓને ફરજિયાત બસ સ્ટેશન નજીક મૂકવામાં આવે તેવી માંગણી પણ લોકોએ ઉઠાવી હતી. એક તરફ કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે સરકાર દ્વારા માસ્ક દરેક માટે ફરજિયાત કરવામાં આવ્યો છે. જ્યારે વેપારીઓ દ્વારા તથા ગ્રાહક દ્વારા જાણે કોરોનાનો ભય ન હોય તેમ તેના ઉલ્લંઘન કરવામાં આવતા નગરપાલિકા દ્વારા વેપારીઓ સામે લાલ આંખ કરી દંડ કર્યો હતો. ત્યારે આજરોજ બાયડ નગરપાલિકાની ટીમો ઓચિંતી ચેકિંગ હાથ ધરી હતી જેમાં વેપારીઓ તથા ગ્રાહકોએ માસ્ક ન પહેરતા ૬ જેટલા વેપારીઓને ૨૦૦૦ ઉપરાંતનો દંડ કર્યો હતો. જ્યારે અન્ય વેપારીઓને પણ માસ્ક ફરજિયાત પહેરવાની જાણ કરવામાં આવી હતી.

## મોડાસામાં વધુ ૪ કેસ કોરોના પોઝીટીવ આવતાં અરવલ્લીમાં કુલ આંક ૨૫૨

અરવલ્લી જિલ્લામાં મંગળવારના રોજ વધુ ૪ કેસ નોંધાતા જિલ્લામાં કોરોનાનો કુલ આંક ૨૫૨ પહોંચ્યો છે. મોડાસામાં કોરોનાએ ભરડો લીધો હોય તેમ મોડાસા શહેર અને બાયડ તાલુકામાં કોરોનાના કેસોમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરના લઘુમતી વિસ્તારની ચાર મહિલાઓ કોરોનાગ્રસ્ત બનતા શહેરમાં ફફડાટ ફેલાયો છે.

મંગળવારે મોડાસા શહેરમાં કોરોનાનું સંકટ ઘેરૂ બની રહ્યું છે. મોડાસા શહેરની લઘુમતી વિસ્તારના જુદા-જુદા વિસ્તારમાં રહેતી ૪ મહિલાઓને કોરોનાએ ઝપેટમાં લેતા લઘુમતી વિસ્તારના લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. સમગ્ર જિલ્લાને કોરોનાએ બાનમાં લીધો છે. અરવલ્લી જિલ્લા તેમજ મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બન્યો છે. કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ વધી રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીના કુલ કેસ ૨૫૨ નોંધાતાં સમગ્ર જિલ્લામાં ભયનો માહોલ છવાયો છે. એક તરફ લોકો કોરોનાને કારણે ડરી રહ્યા છે જ્યારે બીજી બાજુ શહેરના બજારોમાં જોઈએ તો બેખૌફ થઈને લોકો માસ્ક વગર કે સોશીયલ ડિસ્ટન્સ રાખ્યા વગર જોવા મળી રહ્યા છે. બીજી બાજુ વેપારીઓ પણ જાણે કોરોના જતો રહ્યો હોય તેમ આવનાર ગ્રાહકોને સોશીયલ ડિસ્ટન્સ રાખવાનું કહેતા નથી. બીજી બાજુ મોડાસા શહેરને કોરોના વાઈરસે બાનમાં લીધું છે તેમાંય વધુમાં વધુ કેસો લઘુમતિ વિસ્તારમાંથી બહાર આવી રહ્યા છે ત્યારે આરોગ્યતંત્ર સઘન કામગીરી કરી વાઈરસના સંક્રમણને અટકાવે તેવી લોકમાંગ ઉઠી છે.

# મોડાસામાં પ્રિ-મોન્સુન પ્લાન સામાન્ય વરસાદમાં ધરાશાયી

## ડીપ વિસ્તારમાં ગટર ઓવર ફ્લો થતાં બધુ જ પાણી નીલકંઠ સોસાયટીમાં ભરાયું, ચાર રસ્તા પર પાણી ભરાયા

### પાણી પુરવઠા પણ પાણીમાં બેસી ગયું

છેલ્લા એક વર્ષ કરતા વધારે સમયથી ડીપ વિસ્તારમાં શૌચાલય નજીક પાઈપલાઈનમાં ભંગાણ છે, જે રોજે-રોજ પાણીનો વય થાય છે, આજે ગટર ઉભરાતા પીવાનું અને ગટરનું ગંદુ પાણી ભેગું થયું એટલું જ નહી આ બધુ પાણી નીલકંઠ સોસાયટીના દરવાજા બહાર જ ભરાઈ ગયું, જેને લઈને સોસાયટીના રહીશોએ હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો. નીલકંઠ સોસાયટીમાં પહેલા પાણી ભરાવાની ઘટનાઓ નથી ઘટી, પણ હવે ગટર વ્યવસ્થા થયા પછી સોસાયટીના નાકે પાણી ભરાઈ જાય છે, તેનો પાલિકા પાસે કોઈ જ જવાબ ન હોય તેવું લાગી રહ્યું છે. હાલ વરસાદી માહોલ છે અને બ્લોક નાંખવાની કામગીરી ડિપ વિસ્તારમાં આડેધડ ચાલી રહી હોય તેવું લાગી રહ્યું છે.



મોડાસા, તા. ૭

મોડાસા શહેરમાં નગરપાલિકાની પ્રિ-મોન્સુન પ્લાનિંગ પર વરસાદી પાણી ફરી વળ્યા છે. પ્રિ-મોન્સુન પ્લાનિંગ અંતર્ગત શહેરમાં ગટર સાફ સફાઈ માટે લાખો રૂપિયાનો દર વર્ષે કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક આપવામાં આવે છે. કોન્ટ્રાક્ટરએ પ્રિ-મોન્સૂન પ્લાન હેઠળ કરેલી નબળી કામગીરી અને ગટરો સાફ કરી કે નહીં તેના પુરાવામાં પ્રથમ વરસાદમાં જોવા મળી ગયા. શહેરના મુખ્ય ચાર રસ્તા પર ગટર બ્લોક થતાં જ વરસાદી પાણી ભરાઈ જતાં રાહદારીઓએ તો હાલાકીઓ ભોગવી પરંતુ વાહન ચાલકો પણ અટવાઈ પડ્યા હતા. પાણી ભરાયાની જાણ થતાં ગટર સાફ સફાઈ માટે કોન્ટ્રાક્ટર દોડી આવ્યો હતો અને મનોમન કહેવા લાગ્યા કે હમણાં પાણી ઓસરી જશે, પણ તમે કામ સારૂ કર્યું હોત તો પાણી ભરાઈ ન જતું ભાઈ.. લાખો રૂપિયાનો સાફ-સફાઈનો કોન્ટ્રાક્ટ આવી જ રીતે વરસાદના પ્રથમ વરસાદમાં ગટરમાં સ્વાહા થઈ જાય છે, પણ પાલિકાના સત્તાધિશો કે પાલિકા તંત્રને આનો કોઈ જ ફરક ન પડતો હોય તેવું લાગી રહ્યું છે.

### શહેરીજનોના ટેક્સના નાણાં છે, જરા વિચારો

શહેરીજનો મહામહેનતે કમાણી કરીને ટેક્સ ભરે છે, જેનાથી પાલિકા આડેધડ આંખો બંધ કરીને કોન્ટ્રાક્ટરોને મલાઈ આપી દે છે અને હાલાકીઓ તો શહેરીજનોને જ ભોગવવી પડે છે, પણ પાલિકાએ મૌન સેવી દીધુ છે.

પાલિકાના સત્તાધિશો જરા વિચારે કે મહેનતની કમાણીને આમ કેવી રીતે ખર્ચ કરો છો, ખર્ચ કરીને જરા વિચારો કે આ નાણાં મોડાસાની જનતાના જ છે. લાખો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપ્યા પછી કોન્ટ્રાક્ટરો જેમ ખબર પડે એમ આડેધડ કામ કરી દે છે અને અધિકારીઓ સહી કરીને નાણાં ચુકવી દેવાય છે.

## મોડાસાના સર્વોદયનગર માર્ગ પર ગંદકીથી નગરજનો ત્રાહિમામ

મોડાસા, તા. ૭

મોડાસા શહેરમાં રાત-દિવસ સાધનોની અવર જવરથી ધમધમતા સર્વોદયનગર રોડ ઉપર પાંડુરંગ સોસાયટીના પ્રવેશદ્વાર આગળ જ કાદવ-કિચડ અને ગંદકીને લીધે આજુબાજુના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

મોડાસા નગરપાલિકાનો પ્રિ-મોન્સૂન પ્લાન માત્ર કાગળ પર જ હોય તેવું લાગી રહ્યું છે. ચોમાસાના પ્રથમ વરસાદમાં જ શહેરમાં કેટલીક જગ્યાએ કાદવ કીચડનું સામ્રાજ્ય જોવા મળી રહ્યુ છે.



મોડાસા શહેરના સાઈ મંદિરથી સર્વોદયનગર જવાના માર્ગે પાંડુરંગ સોસાયટીના મુખ્ય દ્વાર પર જ પ્રથમ વરસાદથી થયેલ કાદવ કીચડથી ગંદકીનું સામ્રાજ્ય વધી ગયું છે. અતિશય ગંદકીને લઈને મચ્છરોનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે જેને લઈને આજુબાજુના રહીશોમાં રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. મોડાસા શહેરમાં કોરોનાના કેસોની સંખ્યામાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે અને શહેરીજનો પણ ભયના ઓથાર તળે જીવી રહ્યા છે. ત્યારે સર્વોદય નગર માર્ગ પર થયેલી આ ગંદકીને લઈને આજુબાજુના રહીશો સહિત રોડ પરથી પસાર થતા લોકોના આરોગ્ય સામે ખતરો સેવાઈ રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા સર્વોદયનગર માર્ગ પરથી તાત્કાલિક ગંદકી દૂર થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.



### મોડાસાની વિદ્યાકુંજ સોસાયટીમાં પ્રથમ વરસાદમાં જ પાણી ભરાયા

મોડાસા શહેરમાં નગરપાલિકાની કામગીરી કાગળ પર જ દેખાય છે કેટલાય વર્ષોથી મોડાસા શહેરના રામપાર્ક વિસ્તારમાંથી વિદ્યાકુંજ સોસાયટીમાં જવાના મુખ્ય માર્ગ પર સામાન્ય વરસાદમાં જ ઢીંચણ સમા પાણી ભરાઈ જાય છે. વિદ્યાકુંજ સોસાયટીના મુખ્ય રોડ પર જ વરસાદી પાણી ભરાઈ જવાને કારણે રત્નમ સોસાયટીના રહીશોને અવર જવર માટે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે, વધારે વરસાદી પાણી ભરાવાના કારણે ચોમાસામાં મોટાભાગે વાહન વ્યવહાર પણ બંધ થઈ જાય છે.